**ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી**
**એન.એસ.એસ. શાખા, બ્લોક નં.૧૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,**
**ગાંધીનગર, ગુજરાત રાજ્ય.**

જા.ક્ર.:- ઉ.શિ.ક./ NSS /2026/૯૬૨૫-૯૬૩૦૭. તા.૧૪/૦૯/૨૦૨૬

પ્રતિ,
રજીસ્ટ્રારશ્રી, સરકારી, અનુદાનિત, બિનઅનુદાનિત યુનિવર્સિટી તમામ.

વિષય:- **"સંત શિરોમણી સદગુરુ શ્રી રવિદાસજી ક્વિઝ અભિયાન"**માં વિદ્યાર્થીઓની સહભાગિતા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સંત શિરોમણી સદગુરુ શ્રી રવિદાસજીની જન્મજયંતિ નિમિત્તે રાજ્યની તમામ સરકારી યુનિવર્સિટીઓ તથા તે સંલગ્ન તમામ સરકારી, ખાનગી, અનુદાનિત કોલેજો તેમજ ખાનગી યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે **"સંત શિરોમણી સદગુરુ શ્રી રવિદાસજી ક્વિઝ અભિયાન"**નું આયોજન કરવામાં આવેલ છે.

આ ક્વિઝ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં સંત શિરોમણી સદગુરુ શ્રી રવિદાસજીના જીવન, વિચારો, સમાનતા, સામાજિક સમરસતા તથા માનવતાના મૂલ્યો અંગે જાગૃતિ કેળવવાનો છે.

આથી તમામ યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ આ ક્વિઝ અભિયાનમાં જોડાય અને ઉત્સાહપૂર્વક ભાગ લે તે માટે જરૂરી પ્રચાર-પ્રસાર, માર્ગદર્શન તથા પ્રોત્સાહન આપવા વિનંતી છે. તેમજ વધુમાં વધુ વિદ્યાર્થીઓની નોંધણી / સહભાગિતા સુનિશ્ચિત કરવા જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે.

આ અભિયાનને સફળ બનાવવા આપનો સહકાર અને સહભાગિતા અપેક્ષિત છે.

ઉકત બાબતે અમલીકરણ અને પ્રગતિનો અહેવાલ અત્રેની કચેરીને મોકલી આપવા વિનંતી છે.

નાયબ નિયામક (NSS)
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
ગુ.રા.,ગાંધીનગર

Scanned with OKEN Scanner